પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૫૬ | ૬ મે, ૨૦૨૩, શનિવાર; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# રાજૌરીમાં આતંકી અથડામણમાં પાંચ જવાન શહીદ

**કાશ્મીરમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે જોરદાર અથડામણ : સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણ વચ્ચે રાજૌરીમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવાનો નિર્ણય : સર્ચ ઓપરેશન તેજ બનાવાયું : ઓપરેશન ત્રિનેત્ર અંતર્ગત હેલિકોપ્ટર દ્વારા વિસ્તારમાં ચાંપતી નજર**

રાજૌરી, તા.૫

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના કંડી વિસ્તારમાં આજે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડાણ શરૂ થઈ ગઈ છે. અથડામણ દરમિયાન સેનાના ૨ જવાનો શહીદ થયા છે, જ્યારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૩ જવાનો શહિદ થયા છે. મળતા અહેવાલો મુજબ હજુ પણ સામ-સામે ફાયરિંગ ચાલી રહ્યું છે. રાજૌરી જિલ્લાના ૈયારી હિલ







પ્રદેશના ડોકમાં ફાયરિંગ ચાલી રહ્યું છે. જમ્મુ ઝોનના એડિશનલ પોલીસ મહાનિર્દેશક મુકેશ સિંહે પુષ્ટિ કરી છે કે, કાંડી વન વિસ્તારમાં અથડામણ ચાલી રહી છે. રાજૌરી જિલ્લાના કંડી ટોલેના કેસરી વિસ્તારમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડાણ ચાલી રહી છે. દરમિયાન મળતા અહેવાલો મુજબ સુરક્ષા દળો અને આતંકવાદીઓ ચાલી રહેલી

● અનુસંધાન પાન-૭ પર

## ‘ધ કેરળ સ્ટોરી’ ભારત વિરૂદ્ધના ષડયંત્રનો પર્દાફાશ કરે છે : મોદી

**વડાપ્રધાનની બેલ્લારીની એક શાળામાં જાહેરસભા : કોંગ્રેસ આતંકવાદ વિરુદ્ધ બનેલી આ ફિલ્મનો વિરોધ કરી રહી છે, તેઓ આતંકવાદી વૃત્તિઓ સાથે ઉભા છે**

બેલ્લારી, તા.૫

કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બેલ્લારી પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કર્ણાટકના બેલ્લારીમાં મ્યુનિસિપલ હાઈસ્કૂલના મેદાનમાં એક જનસભા સંબોધી હતી. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ફિલ્મ ’ધ કેરળ સ્ટોરી’નો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે આ ફિલ્મ ભારત વિરુદ્ધના ષડયંત્રને ઉજાગર કરે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, આવા આતંકવાદી ષડયંત્ર પર આધારિત ફિલ્મ ’કેરળ સ્ટોરી’



વિશે આજકાલ ખૂબ ચર્ચા થઈ રહી છે. વડાપ્રધાને કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં આતંકવાદનું બીજું એક ભયાનક સ્વરૂપ સામે આવ્યું છે. એવું કહેવાય છે કે કેરળની વાર્તા માત્ર એક રાજ્યમાં આતંકવાદી કાવતરા પર આધારિત છે. દેશના આવા સુંદર રાજ્ય કેરળમાં ચાલી રહેલા આતંકવાદી ષડયંત્રનો ખુલાસો આ ફિલ્મમાં કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, બોમ્બ, બંદૂક અને પિસ્તોલનો અવાજ સંભળાય છે, પરંતુ અંદરથી સમાજને પોકળ કરવાના આતંકવાદી ષડયંત્રનો

● અનુસંધાન પાન-૭ પર



રાજ્યાભિષેક - બ્રિટનના પદનામિત રાજા પ્રિન્સ ચાર્લ્સના રાજ્યાભિષેક સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા ઉપરાષ્ટ્રપતિ ધનખડ અને શ્રીમતિ ધનખડ લંડન પહોંચ્યા હતા... કોમનવેલ્થના પદાધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું.

## ત્રાસવાદ માનવતા માટે સૌથી મોટો ખતરો છે : જયશંકર

**એસસીઓના વિદેશમંત્રીઓની ગોવામાં બેઠક : વિદેશ મંત્રીએ તમામ મંત્રીઓનું એસસીઓમાં સ્વાગત કર્યું, પાકિસ્તાનના વિદેશ મંત્રી સાથેનું અંતર જોવા મળ્યું**

ગોવા, તા.૫

ગોવામાં આયોજિત એસસીઓના વિદેશમંત્રીઓની બેઠકમાં ભારતીય વિદેશમંત્રી એસ.જયશંકરે પાકિસ્તાનની હાજરીમાં જ આતંકવાદનો મુદ્દો ઊઠાવ્યો હતો. આપણા વિદેશમંત્રી એસ.જયશંકરે આ દરમિયાન કહ્યું કે આતંકવાદ સમગ્ર માનવતા માટે સૌથી મોટો ખતરો છે તેને ચલાવી ન લેવાય. હજુય આતંકવાદનો અંત આવ્યો નથી. આતંકવાદનો મુકાબલો કરવા માટે ટેરર ફન્ડિંગ પર સંકજો કસવો પડશે. આતંકવાદનો મુકાબલો કરવો એ જ એસસીઓનો મૂળ ઉદ્દેશ્ય છે. આતંકવાદનો સામનો કરવો એ જ અમારી પ્રાથમિકતા છે.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા પાકિસ્તાનના બિલાવલ ભુટ્ટો ઝરદારી ગોવા પહોંચ્યા છે. આજે સવારે બેઠક પહેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે તમામ મંત્રીઓનું સ્વાગત કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સમાં ૬૯૫ પોઈન્ટનો કડાકો

મુંબઈ, તા.૫

નાણાકીય ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલીથી સ્થાનિક શેરબજાર શુક્રવારે સંપૂર્ણપણે તૂટી ગયું. બીએસઈનો ૩૦ શેરનો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ (બીએસઈ સેન્સેક્સ) ૬૯૪.૯૬ પોઈન્ટ્સ અથવા ૧.૧૩ ટકા ઘટીને ૬૧,૦૫૪.૨૯ પોઈન્ટના સ્તરે છે. એનએસઈનિફ્ટી પણ ૧૮૬.૮૦ પોઈન્ટ એટલે કે ૧.૦૨ ટકાના ઘટાડા સાથે ૧૮,૦૬૯ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. ફેડરલ બેંકના શેરમાં આઠ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

## ખાદ્ય તેલના ભાવમાં ૨૦ રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૫

દેશમાં ખાદ્ય તેલોની કિંમતમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. બજારમાં તેલના ભાવમાં ઘટાડો જોતા દેશની મુખ્ય દુગ્ધ વિતરણ તથા ખાદ્ય ઉત્પાદન કંપની મદર ડેરીએ ખાદ્ય તેલના ભાવમાં ઘટાડો કર્યો છે. કહેવાય છે કે, કંપનીએ તેમાં ૧૫થી ૨૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે.

આપને જણાવી દઈએ કે, દેશમાં સરસવનો પાકના સારા ઉત્પાદન સાથે વૈશ્વિક સ્તર પર ખાદ્ય તેલના ભાવમાં આવેલા ઘટાડાથી દેશમાં ખાદ્ય તેલના ભાવ ઘટ્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં પ્રતિ લીટર ખાદ્ય તેલના ભાવમાં ૪૦થી ૭૦ રૂપિયા સુધીનો ઘટાડો આવી ચુક્યો છે. જે સરસવનું તેલ ૧૯૦ રૂપિયા પ્રતિ લીટર સુધી હતું, તે હવે ૧૩૦થી ૧૪૦ રૂપિયાની વચ્ચે મળી રહ્યું છે. આવી જ રીતે ઘટાડો સોયાબીન, સૂરજમુખીના તેલમાં પણ આવ્યો છે.

હવે આ ઘટાડાનો ફાયદો મદર ડેરીના ગ્રાહકોને પણ મળશે. કંપનીના પ્રવક્તા દ્વારા આપવામાં

● અનુસંધાન પાન-૭ પર


Children's UNIVERSITY — ભાવપત્રકો મેળવવા માટેની જાહેરાત

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે વિવિધ સોફ્ટવેર ખરીદવા માટેના ભાવપત્રકો મેળવવાના છે.

| સોફ્ટવેરનું નામ | સંખ્યા |
| --- | --- |
| Adobe Page Maker 7.0, Adobe Premiere Pro, Adobe Express, Bhasha Bharti | (1) |
| Adobe Photoshop, Adobe InDesign, Adobe Illustrator, Adobe Acrobat Pro, Corel Draw Graphic Suit | (2) |

ઉપરોક્ત સેવાઓ પૂરી પાડવા રસ ધરાવતી એજન્સી, કંપની, સંસ્થા વગેરે પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રકની તમામ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in ઉપર ઉપલબ્ધ છે. ભરેલાં ભાવપત્રકો સીલબંધ કવરમાં કુલસચિવશ્રી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની પાસે, છ રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧ ખાતે રૂબરૂમાં / કુરિયરથી / પોસ્ટથી મોકલવાના રહેશે.

તારીખ : ૦૫-૦૫-૨૦૨૩ — કુલસચિવ



ઝાયડસ કેન્સર સેન્ટર, અમદાવાદ તેમજ માતુલ્ય વુમન્સ હૉસ્પિટલ દ્વારા આયોજિત

Maatulya Women's Hospital | zydus Hospitals Cancer Centre

સુપર સ્પેશ્યાલિટી ‘‘કેમ્પ’’

આવતી કાલે રવિવારે ગાંધીનગર ખાતે

ઉપલબ્ધ સેવાઓ

ડૉ. સ્નેહલતા ઉદય પટેલ MS, DNB, MRCOG-1 (UK)
ફેલોશીપ ઇન રીપ્રોડક્ટીવ મેડીસીન, ઇનફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ
પ્રસુતિ, સ્ત્રી રોગ અને વંધ્યત્વ નિવારણના નિષ્ણાત
ઉપલબ્ધ સારવાર: IVF ટ્રીટમેન્ટ ● દુ:ખાવા વગરની (Painless) નોર્મલ ડિલીવરી ● સીઝેરીયન ઓપરેશન (CS) ● સ્ત્રી રોગ નિદાન તથા સારવાર ● દુરબીનથી થતા વિવિધ ઓપરેશન ● વ્યંધત્વની દુરબીનથી ચકાસણી તથા સારવાર ● ગાયનેક કેન્સર નિદાન કેન્દ્ર

ડૉ. સુપ્રીત ભટ્ટ MS, M. Ch.
મોંઢા અને ગળાના કેન્સર સર્જન
ઉપલબ્ધ સારવાર: ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર

ડૉ. રાજ પટેલ MS, DNB
કિડની, પ્રોસ્ટેટ, બ્લેડર કેન્સર અને અન્ય રોગના નિષ્ણાંત યુરો સર્જન
લક્ષણો: ● પેશાબમાં લોહી પડવું / લાલ પેશાબ ● પેશાબ થવામાં તકલીફ ● પેશાબની ધાર નબળી / અટકીને આવવી ● પેટમાં/પેડુમાં/કમરમાં દુ:ખાવો ● કિડની / મૂત્રાશય / પ્રોસ્ટેટની ગાંઠ ● ગુપ્તાંગ પર ન રૂઝાતું ચાદું ● શુક્રપીંડનો દુખાવા રહીત સોજો ● PSA વધારે આવવું

ડૉ. નહુષ ટહિલિયાણી MD, DM
કેન્સર ફિઝિશિયન
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક ‘‘ઈમ્યુનોથેરાપી’’ના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર: ● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

કેમ્પ વિશે માહિતી
10.00 થી 1.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર.

નોંધણી માટે સંપર્ક
પાર્થ જોષી - 96010 78421
આનંદ પરમાર - 90160 67331

રજીસ્ટ્રેશન કિંમત માત્ર રૂા. 100/-
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.


## આઠ મે સુધી કેદારનાથ યાત્રાનું રજિસ્ટ્રેશન બંધ કરવાનો નિર્ણય

દહેરાદૂન, તા.૫

કેદારનાથ ઘાટીમાં ખરાબ હવામાનની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકારે નિર્ણય કર્યો છે. ઉત્તરાખંડ સરકારે કેદારનાથ ધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન આગામી ૮મી મે સુધી બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે. કેદારનાથઘાટીમાં આગામી ૩થી ૪ દિવસ ખરાબ હવામાન રહેવાની સંભાવના હોવાથી આ નિર્ણય લીધો છે.

આ વર્ષે કેદારનાથ ધામના દરવાજા ૨૫મી એપ્રિલે ખોલવામાં આવ્યા હતા. દેશમાંથી ૪ મે સુધીમાં ૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી ચુક્યા છે.

## ગો ફર્સ્ટને પાંચ દિવસમાં ૨૦ એરક્રાફ્ટ પરત કરવાની માગ

મુંબઈ, તા.૫

ગો ફર્સ્ટ એરલાઈન રોકડની તંગીનો સામનો કરી રહી છે અને નાદારીની આરે પહોંચી ગઈ છે. હવે આ એરલાઈનને વધુ એક ઝટકો લાગ્યો છે.

વાસ્તવમાં, જેમણે કંપનીને પ્લેન લીઝ પર આપ્યા હતા તેઓએ ૫ દિવસમાં તેમના ૨૦ એરક્રાફ્ટ પાછા માંગ્યા છે. કંપનીના સૂત્રોએ આ માહિતી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપનીએ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) ને ૨૦ વિમાનોની નોંધણી રદ કરવા કહ્યું છે.


